| | | | |
|---|---|---|---|
| **તારીખ** | ૦૨ | ૦૪ | ૨૦૨૫ |
| **રજી.તારીખ** | ૦૨ | ૦૪ | ૨૦૨૫ |
| **ફેસલ તારીખ** | ૧૨ | ૦૫ | ૨૦૨૬ |
| **સમયગાળો** | વર્ષ | માસ | દીવસ |
| | | | |

---

**જામજોધપુરના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં મુકામ જામજોધપુર**

---

**ફોજદારી કેસ નં. ૪૨૩/ ૨૦૨૫**

**આંક–**

**ફરીયાદી –** શ્રી સરકાર
જામજોધપુર પો.સ્ટે.ગુ.રજી.નં.૦૦૯૧/૨૦૨૫

**વી.**

**આરોપી –** **(૧)કરશનભાઇ કાનાભાઇ કોડીયાતર**
ઉ.વ.૪૦, ધંધો–છુટક મજુરી,
રહે.ધોરીયાનેશ, તા.રાણાવાવ, જી.પોરબંદર.

---

**ગુન્હો – ગુજ. પ્રોહી. એકટ કલમ– ૬૫(એ), ૬૫(ઇ),૧૧૬(બી), ૯૮(૨), ૮૧**

---

| | |
|---|---|
| **ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી** | એસ.યુ.બાબી |
| **આરોપી તરફે વિ. વ.શ્રી.** | એન.એચ.લાલાણી |

**– :: ઠરાવ :: –**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા. ૦૮–૦૨–૨૦૨૫ ના રોજ કલાક ૧૬:૫૫ વાગ્યે સખપુર ગામે આ કામના આરોપીએ ગે.કા. પાસ પરમીટ વગર ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો જેમાં

મેકડોવેલ્સ નં.૧ ડીલક્ષ વ્હિસ્કી હોરીજીનલ ફોર સેલ ઇન પંજાબ ઓન્લી જે ૭૫૦ એમ.એલ.ની છે જેમાં ૪૨%૮.છે. વી.વી.જે બુલ બોટલો નંગ–૨૪ જે પ્રત્યેક બોટલની કિ.રૂ.૫૬૧/– લેખે કુલ કિ.રૂ.૧૩૪૬૪/– તથા રોયલ ચેલેન્જ કલાસીક પ્રિમીયમ વ્હિસ્કી ફોર સેલ ઇન હરીયાણા ઓન્લી જે ૭૫૦ એમ.ની છે.જેમાં ૪૨.એલ.૮% છે. વીવી જે કુલ બોટલો નંગ–૮૪ જે પ્રત્યેક બોટલની કિ.રૂ.૬૯૬/– લેખે કુલ કિ.રૂ.૫૮૪૬૪/– આમ ભારતીય બનાવટનો ઇંગ્લીશ દારૂનો જથ્થો જેમાં જુદી જુદી બ્રાંડની કુલ બોટલ નંગ–૧૦૮ કુલ કિ.રૂ.૭૧૯૨૮/– નો વેચાણ અર્થે રાખી પોતાના કબ્જાની બ્લુ કલરની બલેનો કાર જેના રજી.નં.જીજે ૨૫ એએ ૬૨૭૭ મા જુદી જુદી બ્રાંડની કુલ બોટલ નંગ–૧૦૮ કુલ કિ.રૂ.૭૧૯૨૮/– નો લઇ બલેનો કાર કિ.રૂ.૫,૦૦,૦૦૦/– તથા મોબાઇલ ફોન કિ.રૂ.૧૦,૦૦૦/– તથા એક કંકોત્રી કિ.રૂ.૦૦/– મળિ કુલ રૂ.૫,૮૧,૯૨૮/– રાખી રેઇડ દરમ્યાન નાસી જઇ તપાસ દરમ્યાન પકડાઇ જઇ ગુનો કરેલ ત્યારબાદ પ્રોહી મુદામાલ કબજે લઇ મુદામાલ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ આ બાબતે ફરિયાદીએ આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ), ૬૫(ઇ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ ફરિયાદ આપતા તેની તપાસના અંતે આરોપી વિરુધ્ધ હાલનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) ચાર્જશીટ રજુ થતા ધોરણસર નોંધી આરોપીને સમન્સ કરતા કોર્ટમાં હાજર થતા તેને બી.એન.એસ.એસની કલમ– ૨૩૦ મુજબ પોલીસ તપાસના કાગળોની તમામ નકલો વિના મુલ્યે આપેલ. આ કામે આંક–૦૪ થી તહોમતનામુ ફરમાવી, આંક–૦૫ થી ગુના અંગેની પ્લી લેતાં, તેઓને ગુનો કબુલ ન હોય હાલનો કેસ આગળ ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કવા નીચે મુજબના પુરાવાઓ આપેલ છે.

## મૌખિક પુરાવો

| ક્રમ | સાહેદનુ નામ | | આંક |
|---|---|---|---|
| ૧ | પંચ સાહેદ | સલીમભાઇ શેરમામદભાઇ મકરાણી | ૦૭ |

| | | | |
|---|---|---|---|
| ૨ | પંચ સાહેદ | વિરલભાઇ મહેન્દ્રભાઇ કડીવાર | ૦૯ |
| ૩ | ફરીયાદી | સંજયભાઇ હીરાભાઇ ઝીલરીયા | ૧૩ |
| ૪ | ત.ક.અ. | હિતેનભાઇ ભગવાનજીભાઇ વડાવીયા | ૧૫ |
| ૫ | પો.સાહેદ | બ્રિજરાજસિંહ પરાક્રમસિંહ જાડેજા | ૨૦ |
| ૬ | પો.સાહેદ | ભગીરથસિંહ મયુરસિંહ જાડેજા | ૨૧ |

**દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચનામુ | ૦૮ |
| ૨ | ફરીયાદ | ૧૪ |

(૪) ત્યાર બાદ પુરાવાના અંતે આ કામના આરોપી વિરુધ્ધ રેકર્ડ પર આવેલા પુરાવા સંદર્ભે તેને પોતાના બચાવની વ્યાજબી અને પુરતી તક મળી રહે તે હેતુથી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ ૩૫૧ અન્વયે આરોપીના અગાઉ લેવાયેલા નિવેદન તળે વિશેષ નિવેદન લેતા તેમણે જણાવેલ છે કે, તેમના ઉપર ખોટો કેસ કરેલ છે તેમજ તેઓને બચાવના સાહેદો તપાસવા નથી કે સોગંદ પર પુરાવો આપવો નથી, ત્યાર બાદ દલીલો સાંભળવામાં આવેલ તેમજ રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લીધો.

(૫) આમ, હાલના કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:: મુદા ::**

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૦૮-૦૨-૨૦૨૫ ના રોજ કલાક ૧૬:૫૫ વાગ્યે સખપુર ગામે આ કામના આરોપીએ ગે.કા. પાસ પરમીટ વગર ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો જેમાં મેકડોવેલ્સ નં.૧ ડીલક્ષ વ્હિસ્કી હોરીજીનલ ફોર સેલ ઇન પંજાબ ઓન્લી જે ૭૫૦ એમ.એલ.ની છે જેમાં ૪૨%૮.છે. વી.વી.જે બુલ બોટલો નંગ-૨૪ જે

પ્રત્યેક બોટલની કિ.રૂ.૫૬૧/- લેખે કુલ કિ.રૂ.૧૩૪૬૪/- તથા રોયલ ચેલેન્જ કલાસીક પ્રિમીયમ વ્હિસ્કી ફોર સેલ ઈન હરીયાણા ઓન્લી જે ૭૫૦ એમ.ની છે.જેમાં ૪૨.એલ.૮% છે. વીવી જે કુલ બોટલો નંગ-૮૪ જે પ્રત્યેક બોટલની કિ.રૂ.૬૯૬/- લેખે કુલ કિ.રૂ.૫૮૪૬૪/- આમ ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂનો જથ્થો જેમાં જુદી જુદી બ્રાંડની કુલ બોટલ નંગ-૧૦૮ કુલ કિ.રૂ.૭૧૯૨૮/- નો વેચાણ અર્થે રાખી પોતાના કબ્જાની બ્લુ કલરની બલેનો કાર જેના રજી.નં.જીજે ૨૫ એએ ૬૨૭૭ મા જુદી જુદી બ્રાંડની કુલ બોટલ નંગ-૧૦૮ કુલ કિ.રૂ.૭૧૯૨૮/- નો લઈ બલેનો કાર કિ.રૂ.૫,૦૦,૦૦૦/- તથા મોબાઈલ ફોન કિ.રૂ.૧૦,૦૦૦/- તથા એક કંકોત્રી કિ.રૂ.૦૦/- મળિ કુલ રૂ.૫,૮૧,૯૨૮/- રાખી રેઈડ દરમ્યાન નાસી જઈ તપાસ દરમ્યાન પકડાઈ જઈ પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ), ૬૫(ઈ),૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબ નો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**:: નિર્ણયો ::**

(૧) મુદ્દા નંબર : ૧ : નકારમાં

(૨) મુદ્દા નંબર : ૨ : આખરી હુકમ મુજબ.

**:: કારણો ::**

(૭) ઉપરોકત નિર્ણય પર આવવા માટેના મારા કારણો નીચે મુજબ છે.

**મુદા નં.૧ :-**

૭.૧ આ ફરીયાદ મુદ્દામાલ રીકવર કર્યા અંગેના પંચનામાનાં પંચ સાહેદોને તપાસવામા આવેલ છે. આ પંચ સાહેદોએ જણાવેલ છે કે, તેઓ પોલીસ સાથે કોઈ કામગીરીમાં ગયેલ નથી, પરંતુ તે સમયાગાળામાં તેઓની પોલીસે તૈયાર લખાણમાં સહી લીધેલી. તે રીતે આ પંચ સાહેદોએ ફરીયાદ પક્ષનાં કેસની હકીકતને કોઈ સમર્થન આપેલ નથી જેથી સદરહુ પંચસાહેદોના પુરાવાથી આ કામે રજુ થયેલ રીકવરી પંચનામાની હકીકતોને સમર્થન પ્રાપ્ત

થતુ નથી. આમ, બનાવના ભાગરૂપે પોલીસ તપાસની કાર્યવાહી દરમ્યાન પંચનામુ થયેલ છે અને તે પોલીસ કાર્યવાહીનાં સમર્થનમાં જે પંચનામું રજુ થયેલ છે, તે પંચનામું ફરીયાદ પક્ષે સચોટ પુરાવાથી પુરવાર કરવું જોઈએ. તે આ કામે પંચનામુ પુરવાર થયેલ નથી.

૭.૨ ફરીયાદપક્ષે ફરીયાદી તેઓની આંક–૧૩ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે,ગઇ તા.૦૮/૦૨/૨૦૨૫ ના રોજ અમો તથા પોલિસ સ્ટાફના માણસો ક.૧૫:૦૦ વાગ્યાથી પો.સ્ટે.વિસ્તારમાં પ્રોહી જુગાર અંગે પેટ્રોલિંગમાં હતા ત્યારે ફરતા ફરતા ક.૧૬:૩૦ વાગ્યે સખપુર ગામ પાસે પહોંચતા સાથેના પો.હેડકો.ભગીરથસિંહ જાડેજાને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે બ્લુ કલરની બલેનો કાર જેના નં ૬૨૭૭ ની લઈને કરશન કાનાભાઈ કોડીયાતર રે.રાણાવાવવાળો ફોરવ્હીલ કારમાં અંગ્રેજી દારૂનો જથ્થો લઈને નીકળવાના છે તે હકીકત ના આધારે બે રાહદારી પંચો નં.૧ વિરલ મહેન્દ્રભાઈ કડીવાર તથા નં.૨ સલિમ શેરમામદ મકરાણી રે.બંને જામજોધપુર વાળાઓને સાથે રાખી વોચ તપાસમાં હતા ત્યારે ક. ૧૬:૫૫ વાગ્યે ઉપરોકત વર્ણનવાળી બલેનો કાર જોવામાં આવતા ડ્રાઈવર સાઈડનો કાચ ખુલ્લો હોય કાચમાં જોતા કરશનભાઈ કાનાભાઈ કોડીયાતર રે.ગંડીયાવારાનેશ રાણાવાવ વાળા પોરબંદર જીલ્લાના લિસ્ટેડ બુટલેગર હોય અમારી સાથેના પોલિસ કર્મચારીએ ઓળખી બતાવેલ જેથી આ બલેનો કાર ને રોકવા જતા કાર રોકાયેલ નહી સખપુર ગામ તરફ નાશવા લાગતા પીછો કરી સખપુર ગામના મકવાણા ચોક ચામુંડા મંદીર પાસે બંધ શેરીમાં કાર ચાલક બલેનો કાર મુકી નાશવા લાગેલ તેનો પીછો કરતા સખપુર ગામની પાછળ નદીના ખાડાઓમાં નાશી ગયેલ જેથી પંચો સાથે ફોરવ્હીલ બલેનો કારની ઝડતી તપાસ કરતા તેમાંથી એક મોબાઈલ ફોન ઓપો કંપનીનો મળી આવેલ જે અનલોક હાલતમાં હોય પંચો રૂબરૂ કબ્જે લીધેલ તેમજ કારમાંથી ભારતીય બનાવટની અંગ્રેજી દારૂની અલગ અલગ બ્રાન્ડની અંગ્રેજી દારૂની બોટલ નંગ–૧૦૮ કિંમત રૂ.૭૧,૯૨૮ તથા બલેનો કાર કિંમત રૂ.૫,૦૦,૦૦૦/–તથા મોબાઈલ ફોન કિંમત રૂ.૧૦,૦૦૦/– એક કંકોતરી કિંમત રૂ.૦૦ મળી કુલ કિંમત રૂ.૫,૮૧,૯૨૮ નો મુદામાલ પંચનામાની

વિગતે તપાસ અર્થે સાથેના પો.સ.ઈ.એચ.બી.વડાવીયાનાઓએ કબ્જે કરેલ અને વિગતવારનું પંચો રૂબરૂ નું પંચનામું કરેલ. મજકુર ઇસમએ પ્રોહી કલમ ૬૫એ,ઇ,૧૧૬બી ૯૮(૨)મુજબનો ગુનો કરેલ હોય તે મતલબના ગુનાની ફરીયાદ અમોએ આપેલ. પંચનામું ક.૧૬:૫૫ થી ૧૭:૪૦ સુધીનું કરી ફરીયાદની સાથે રાખી ગુનો રજીસ્ટર કરવા સારુ જામજોધપુર પો.સ્ટે.મોકલેલ.તેઓને ફરીયાદ બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. જે ફરીયાદ આંક–૧૪ થી રજુ છે.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે પેટ્રોલિંગમાં જે વાહનમાં ગયેલ તે ખાનગી વાહન હતું. એ વાત ખરી છે કે પેટ્રોલિંગમાં જતા પહેલા સ્ટેશન ડાયરીમાં નોંધ કરવામાં આવે છે. એ વાત ખરી છે કે તરસાઇ આઉટ પોસ્ટ પોલિસ સ્ટેશન છે અને તેમાં મુવમેન્ટ રજીસ્ટર નિભાવવામાં આવે છે. એ વાત ખરી નથી કે મુવમેન્ટ રજીસ્ટર પરથી સ્ટેશન ડાયરીમાં નોંધ થાય છે. એ વાત ખરી છે કે પંચો જામજોધપુર ના સ્થાનિક રહેવાસી છે.એ વાત ખરી છે કે રેડવારી જગ્યા જાહેર રોડ આવેલ છે અને વાહનો તથા માણસોની સતત અવર જવર રહે છે. એ વાત ખરી છે કે જે જગ્યાએ મુદામાલ કબ્જે કરવામાં આવેલ તેની આજુબાજુ ઘરો આવેલ છે. એ વાત ખરી છે કે આરોપી સ્થળ પરથી પકડાયેલ નથી.એ વાત ખરી છે કે આરોપી સામેથી પોલિસ સ્ટેશનમાં રજુ થયેલ ત્યારે તેની પાસેથી કોઇ મુદામાલ કબ્જે કરવામાં આવેલ નથી.એ વાત ખરી છે કે હું રેડમાં સાથે હતો.એ વાત ખરી નથી કે આરોપીના પ્રત્યક્ષ અને સભાન કબ્જામાંથી કોઇ પ્રોહી મુદામાલ મળી આવેલ ન હોવા છતાં ખોટી ફરીયાદ કરેલ.

૭.૩ ફરીયાદપક્ષે ત.ક.અ. તેઓની આંક–૧૫ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, ગઇ તા.૦૮/૦૨/૨૦૨૫ ના રોજ અમો તથા પોલિસ સ્ટાફના માણસો ક.૧૫:૦૦ વાગ્યાથી પો.સ્ટે.વિસ્તારમાં પ્રોહી જુગાર અંગે પેટ્રોલિંગમાં હતા ત્યારે ફરતા ફરતા ક.૧૬:૩૦ વાગ્યે સખપુર ગામ પાસે પહોંચતા સાથેના પો.હેડકો.ભગીરથસિંહ જાડેજાને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે બ્લુ કલરની બલેનો કાર જેના નં ૬૨૭૭ ની લઇને કરશન

કાનાભાઈ કોડીયાતર રે.રાણાવાવવાળો ફોરવ્હીલ કારમાં અંગ્રેજી દારૂનો જથ્થો લઈને નીકળવાના છે તે હકીકત ના આધારે બે રાહદારી પંચો નં.૧ વિરલ મહેન્દ્રભાઈ કડીવાર તથા નં.૨ સલિમ શેરમામદ મકરાણી રે.બંને જામજોધપુર વાળાઓને સાથે રાખી વોચ તપાસમાં હતા ત્યારે ક. ૧૬:૫૫ વાગ્યે ઉપરોકત વર્ણનવાળી બલેનો કાર જોવામાં આવતા ડ્રાઈવર સાઈડનો કાચ ખુલ્લો હોય કાચમાં જોતા કરશનભાઈ કાનાભાઈ કોડીયાતર રે.ગંડીયાવારાનેશ રાણાવાવ વાળા પોરબંદર જીલ્લાના લિસ્ટેડ બુટલેગર હોય અમારી સાથેના પોલિસ કર્મચારીએ ઓળખી બતાવેલ જેથી આ બલેનો કાર ને રોકવા જતા કાર રોકાયેલ નહી સખપુર ગામ તરફ નાશવા લાગતા પીછો કરી સખપુર ગામના મકવાણા ચોક ચામુંડા મંદીર પાસે બંધ શેરીમાં કાર ચાલક બલેનો કાર મુકી નાશવા લાગેલ તેનો પીછો કરતા સખપુર ગામની પાછળ નદીના ખાડાઓમાં નાશી ગયેલ જેથી પંચો સાથે ફોરવ્હીલ બલેનો કારની ઝડતી તપાસ કરતા તેમાંથી એક મોબાઈલ ફોન ઓપો કંપનીનો મળી આવેલ જે અનલોક હાલતમાં હોય પંચો રૂબરૂ કબ્જે લીધેલ તેમજ કારમાંથી ભારતીય બનાવટની અંગ્રેજી દારૂની અલગ અલગ બ્રાન્ડની અંગ્રેજી દારૂની બોટલ નંગ–૧૦૮ કિંમત રૂ.૭૧,૯૨૮ તથા બલેનો કાર કિંમત રૂ.૫,૦૦,૦૦૦/–તથા મોબાઈલ ફોન કિંમત રૂ.૧૦,૦૦૦/– એક કંકોતરી કિંમત રૂ.૦૦ મળી કુલ કિંમત રૂ.૫,૮૧,૯૨૮ નો મુદામાલ પંચનામાની વિગતે તપાસ અર્થે અમોએ કબ્જે કરેલ અને વિગતવારનું પંચો રૂબરૂ નું પંચનામું કરેલ. મજકુર ઈસમએ પ્રોહી કલમ ૬૫એ,ઈ,૧૧૬બી ૯૮(૨)મુજબનો ગુનો કરેલ હોય તે મતલબના ગુનાની ફરીયાદ સાથેના એ.એસ.આઈ.સંજયભાઈ હીરાભાઈ જીલરીયાનાઓએ આપેલ. પંચનામું ક.૧૬:૫૫ થી ૧૭:૪૦ સુધીનું કરી ફરીયાદની સાથે રાખી ગુનો રજીસ્ટર કરવા સારુ જામજોધપુર પો.સ્ટે.મોકલેલ. ત્યારબાદ સદર ગુનો રજીસ્ટર કરી તપાસ અમોને સોંપતા તપાસ સંભાળી લઈ આરોપીને અટક કરવામાં અવેલ. મુદામાલ પરિક્ષણ અર્થે એફ.એસ.એલ.માં મોકલેલ. આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામ.કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી થવા સારૂ ચાર્જશીટ કરેલ.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા

એ વાત કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે પેટ્રોલિંગમાં જે વાહનમાં ગયેલ તે ખાનગી વાહન હતું. એ વાત ખરી છે કે પેટ્રોલિંગમાં જતા પહેલા સ્ટેશન ડાયરીમાં નોંધ કરવામાં આવે છે. એ વાત ખરી છે કે તરસાઇ આઉટ પોસ્ટ પોલિસ સ્ટેશન છે અને તેમાં મુવમેન્ટ રજીસ્ટર નિભાવવામાં આવે છે. એ વાત ખરી નથી કે મુવમેન્ટ રજીસ્ટર પરથી સ્ટેશન ડાયરીમાં નોંધ થાય છે. એ વાત ખરી છે કે પંચો જામજોધપુર ના સ્થાનિક રહેવાસી છે.એ વાત ખરી છે કે રેડવારી જગ્યા જાહેર રોડ આવેલ છે અને વાહનો તથા માણસોની સતત અવર જવર રહે છે. એ વાત ખરી છે કે જે જગ્યાએ મુદામાલ કબ્જે કરવામાં આવેલ તેની આજુબાજુ ઘરો આવેલ છે. એ વાત ખરી છે કે આરોપી સ્થળ પરથી પકડાયેલ નથી.એ વાત ખરી છે કે આરોપી સામેથી પોલિસ સ્ટેશનમાં રજુ થયેલ ત્યારે તેની પાસેથી કોઇ મુદામાલ કબ્જે કરવામાં આવેલ નથી.એ વાત ખરી છે કે હું રેડમાં સાથે હતો. ત્યારબાદ સદર ગુનાની ફરીયાદ મારા રૂબરૂ લેવામાં આવેલ અને ગુનાની તપાસ મને મળતા સંપુર્ણ ગુનાની તપાસ મે કરેલ.એ વાત ખરી નથી કે મુદામાલ વાહનના ઓળખના આધાર પુરાવા તપાસ ના કામે કબ્જે લીધેલ નથી.એ વાત ખરી છે કે મુદામાલ વાહનના માલિક નુંનિવેદન તપાસના કામે લીધેલ નથી.એ વાત ખરી નથી કે આરોપીના પ્રત્યક્ષ અને સભાન કબ્જામાંથી કોઇ પ્રોહી મુદામાલ મળી આવેલ ન હોવા છતાં ફરીયાદ ના સમર્થનમાં ખોટું ચાર્જશીટ કરેલ.

૭.૪ ફરીયાદપક્ષે આંક-૨૦ તથા ૨૧ થી અન્ય પોલીસ સાહેદોને તપાસેલ છે. તેઓએ ફરીયાદની હકીકતને અનુરુપ તથા ફરીયાદીના પુરાવાને અનુરુપ પુરાવો રજુ રાખેલ છે.

૭.૫ આ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ નથી.

૮. આમ, સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતા તપાસવામાં આવેલ પોલીસ સાહેદો ફરીયાદપક્ષની હકીકતોને અનુરુપ પુરાવો આપેલ છે પરંતુ આ કામે એકમાત્ર સ્વતંત્ર કહી શકાય તેવા પંચ સાહેદોએ તેઓની હાજરીમાં ફરીયાદપક્ષના કેસ મુજબ પંચનામાની વિગતે પ્રોહી મુદામાલ આરોપીના

કબ્જામાંના ફોરવીલ વાહનમાંથી કબ્જે કરેલ હોવાની હકીકતને સમર્થન આપેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે પડેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતા તપાસવામાં આવેલ પોલીસ સાહેદોએ પોતાના પુરાવામાં તેઓના સાથેના પોલીસ કર્મચારીએ બલેનો કારનો ડ્રાઈવર સાઈડનો કાચ ખુલ્લો હોય આરોપીને ઓળખી બતાવેલ હોવાનું જણાવેલ છે પરંતુ કયા પોલીસ સાહેદે ઓળખી બતાવેલ તે સ્પષ્ટતા કરતો કોઈ પુરાવો ઉપરોકત તપાસવામાં આવેલ પોલીસ સાહેદોએ રજુ રાખેલ નથી. તમામ તપાસવામાં આવેલ પોલીસ સાહેદોએ સાથેના પોલીસ કર્મચારીએ ઓળખી બતાવેલ હોવાનું જણાવેલ છે. પરંતુ તપાસવામાં આવેલ એક પણ પોલીસ સાહેદે પોતાના પુરાવામાં તેઓએ આરોપીએ ઓળખી બતાવેલ હોવાનો પુરાવો આપેલ નથી. આમ, બનાવ વખતે આરોપી બલેનો કારમાં હતા તે હકીકત શંકા ઉપજાવે છે. વધુમાં રેકર્ડ પરના પડેલ પુરાવાથી એ હકીકત સ્પષ્ટપણે રેકર્ડ પર આવે છે કે આરોપી સ્થળ પરથી પકડાયેલ નથી. તેવા સંજોગોમાં આરોપીના પ્રત્યક્ષ અને સભાન કબ્જામાંથી ફરીયાદપક્ષના કેસ મુજબનો પ્રતિબંધીત પ્રોહી મુદામાલ મળિ આવેલ હોય તે હકીકત પણ શંકા ઉપજાવે છે. વધુમાં ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવમાં સંડોવાયેલ કાર આરોપીના કબ્જા માલીકીની હતી તે દર્શાવતો પણ કોઈ પુરાવો ફરીયાદપક્ષે આ કામે રજુ રાખેલ નથી કે બલેનો વાહનનો કબ્જા કે માલીકી પુરવાર કરવા એવા કોઈ સાહેદોના નિવેદન લેવામાં આવેલ હોય તેવુ ફલીત થતુ નથી કે તેવા કોઈ સાહેદોને આ કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ નથી. વધુમાં ફરીયાદપક્ષનો પડેલ પુરાવો ધ્યાને લેતા કારની ઝડતી તપાસ કરતા એક મોબાઈલ મળિ આવેલ હોવાનું જણાવેલ છે. પરંતુ તે મોબાઈલ હાલના આરોપીના માલીકી કબ્જાનો હતો તે દર્શાવતો પણ કોઈ પુરાવો આ કામે ફરીયાદપક્ષે રજુ રાખેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે પડેલ પુરાવો ધ્યાને લેતા ફોરવીલ વાહનમાંથી આરોપીના નામની કંકોત્રી મળિ આવેલ હોવાનો પુરાવો આપેલ છે. પરંતુ એવી કોઈ કંકોત્રી પણ આ કામે ફરીયાદપક્ષ દવારા રજુ રાખવામાં આવેલ નથી. વધુમાં ફરીયાદપક્ષના પુરાવાની હકીકત ધ્યાને લેતા બનાવવાળિ જગ્યા જાહેર જગ્યા હોવાનું ફલીત થાય છે અને બનાવવાળિ જગયાએથી સ્વતંત્ર સાહેદો મળિ

શકે તેમ હતા તેમ છતા બનાવ વખતે હાલના મુદામાલ વાહન આરોપી બલેનો કારનો પ્રત્યક્ષ અને સભાન કબ્જો ધરાવતા હતા અને બનાવવાળા સ્થળે રેઈડ દરમ્યાન નાસી ગયેલ હતો તે હકીકત પુરવાર કરવા એવા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન આ કામે લેવામાં આવેલ નથી કે તેવા કોઈ સાહેદોને આ કામે ફરીયાદપક્ષ દવારા તપાસવામાં આવેલ નથી.

૯. વધુમાં ઉપર કરેલ ચર્ચા મુજબ આ કેસના એકમાત્ર સ્વતંત્ર અને તટસ્થ ગણી શકાય એવા પંચોનું ફરીયાદપક્ષના કેસને સમર્થન સાંપડેલ નથી. તેમજ બનાવવાળિ જગ્યાએથી કબજે કરાયેલ મુદ્દામાલ ખરેખર અંગ્રેજી દારુ હોવા બાબતે એફ.એસ.એલ. નો આધાર રજુ કરાયેલ નથી. વધુમાં આ કામે કબજે કરેલ ઈગ્લીંશ દારુનું વર્ણન ફરીયાદમાં તથા પંચનામામાં કરેલ છે તે મુદ્દામાલ બનાવનાર કંપની કે વ્યકિતના નિવેદનો નોધેલા નથી, ત્યારે ગુલાબભાઈ રણછોડભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચૂકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, જો મેન્યુફેકચરને તપાસવામાં આવેલ ના હોય તો એ માની શકાય નહી કે, કબજે કરેલ ઈગ્લીંશ દારુની બોટલોના લેબલ ઓરીઝનલ હતા કે કેમ ? બોમ્બે પ્રોહી. એકટની કલમ–૧૧૬(બી) મુજબ પ્રીઝપ્શાન ડ્રો કરવા માટે ફરીયાદ પક્ષે એ પુરવાર કરવું પડે કે, દારુની સીલબંધ બોટલ ઉપર લેબલ જે ફેમસ બ્રાન્ડના ધરાવતા હોય, તે અસલ હોવા જોઈએ. જયાં સુધી લેબલ અસલ હતા તેવું રેકર્ડ ઉપર ન આવે ત્યાં સુધી પ્રિઝપ્શાન ડ્રો કરી શકાય નહી. જયારે પ્રિજપ્શાન ડ્રો ના થઈ શકે અને કેમીકલ એનાલાઈઝરનો કોઈ પુરાવો ન હોય ત્યારે બોમ્બે પ્રોહી. એકટની કલમ–૬૫ એઈ. મુજબ કોઈ સજા કરી શકતા નથી. વધુમાં પ્રોહી.ના ગુનામાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ સુરેશભાઈ એસ.પટેલ, જી.એલ.એચ.(૧)ના ચૂકાદામાં પણ જો પંચો હોસ્ટાઈલ થઈ ગયેલા હોય તો પણ તેનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. તેમ ઠરાવેલ છે. આમ,

ફરીયાદપક્ષના કેસ મુજબ બલેનો વાહનમાંથી પ્રતિબંધીત વિદેશી દારૂનો જથ્થો મળિ આવેલ હતો તેમ માની લેવામાં આવે તો પણ સદર પ્રોહી જથ્થો આરોપીના પ્રત્યક્ષ અને સભાન કબ્જા માંથી મળી આવેલ હતો તે હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

૧૦. આમ, બનાવવાળી જગ્યાએ રેઈડ વખતે આરોપી બલેનો કારમાં વિદેશી દારૂનો જથ્થો વેચાણ અર્થે હેરાફેરી કરતા હતા અને રેઈડ દરમ્યાન મળી આવેલ હતા તે હકીકત ફરીયાદપક્ષ શંકાથી પર પુરવાર કરી શકેલ નથી. આમ, આરોપીના પ્રત્યક્ષ અને સભાન કબ્જામાંથી રેઈડ વખતે ફરીયાદપક્ષના કેસ મુજબનો વિદેશી દારૂનો જથ્થો મળી આવેલ હતો. તે હકીકત પુરવાર કરવામાં અને સદર ગુનાના કામે આરોપીને સાંકળતો સબળ સચોટ પુરાવો રેકર્ડ પર લાવવામાં ફરીયાદપક્ષ સફળ રહેલ ન હોય જેથી ઉપરોકત ચર્ચાના અંતે **મુદ્દા નં.૧** નો નિર્ણય **નકારમાં** કરવામાં આવે છે. મુદ્દા નં.૧ ના નિર્ણયને આધીન મુદ્દા નં.ર ના નિર્ણય તરીકે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**– હુ ક મ –**

(૧) આ કામના આરોપી : **(૧) કરશનભાઈ કાનાભાઈ કોડીયાતર** ઉ.વ.૪૦, ધંધો–છુટક મજુરી, રહે.ધોરીયાનેશ, તા.રાણાવાવ, જી.પોરબંદર. નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ–૨૭૧ અન્વયે પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ), ૬૫(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મૂકવામાં આવે છે.

(૨) સદર કામમાં કબજે કરેલ પ્રોહી. મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નિયમોનુસાર નાશ કરવો તથા અન્ય મુદ્દામાલ કાર અથવા મોબાઈલ ફોન અંગે અગાઉ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ

કરવામાં આવે છે, અન્યથા અપીલ સમય વિત્યેથી યોગ્ય ઈન્કવાયરી કરી તેના ખરા માલીકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે આરોપીએ બી.એન.એસ.એસની કલમ–૪૮૧ મુજબ અપીલ સમય સુધીના રૂા.૧૦૦૦૦/– (રૂપિયા દસ હજાર પુરા/–) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમચુરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૨મી માહે મે સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:– જામજોધપુર
તા. ૧૨–૦૫–૨૦૨૬

**(નરેશકુમાર રમેશભાઇ ગોહેલ)**
જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
જામજોધપુર
જજ કોડ : જીજે – ૧૫૮૪

ડી.એચ.ચુડાસમા
ગુજ.સ્ટેનો